# પ્રકરણ - ૮

## <u>આરોગ્ય ક્ષેત્રે સિધ્ધિ</u>

### ૧. શાળા આરોગ્ય કાર્યક્રમ:- ૨૦૧૭-૧૮

ચાલુ વર્ષે ''શાળા આરોગ્ય કાર્યક્રમ " ૧૭-૧૮ અંતર્ગત તારીખ: ૨૧/૧૨/૨૦૧૭ થી તારીખ:- ૦૯/૦૩/૨૦૧૮ દરમ્યાન જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક તેમજ અન્ય શાળાઓ કુલ-૨૪૫૭ તેમજ ૨૨૫૮ આંગણવાડીનાં કેન્દ્રો સહીત કુલ-૪૭૧૫ સંસ્થાઓ દ્રારા ૬,૩૬,૨૨૮ ના લક્ષ્યાંક સામે ૬,૩૩,૮૮૮ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવેલ છે. જેમાંથી ખામીવાળા બાળકો ૮૧૨૬૩ તારવવામાં આવેલ. જેમાંથી ૭૪૪૯૬ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે. જેમાં રોગવાર સારવાર આપવામાં આવેલ તેવા બાળકોની માહિતી નીચે પ્રમાણે છે.

પાંડુરોગ-૧૭૭૮૩, દાંતની ખામી-૧૬૪૩૪, કાન,નાક,ગળાનાં દર્દીઓ-૪૮૯૯, આંત્રકૃમિ-૧૧૧૦૯, આંખની ખામી-૧૦૦૪૦, પેટનાં દર્દીઓ-૪૧૫૯, ચર્મરોગનાં દર્દીઓ-૫૫૫૦, સ્વસન તંત્રના દર્દીઓ-૨૩૯૮, વિકલાંગતા-૪૨૪, અને અન્ય રોગનાં દર્દીઓ-૯૩૬૭ .

દ્રષ્ટી ખામી વાળા બાળકો પૈકી ચશ્માની જરૂરીયાત વાળા ૩૭૫૨ બાળકોમાંથી અત્યાર સુધી ૨૫૦૭ બાળકોને ચશ્મા વિતરણ કરેલ છે. બાકીનાં બાળકોને ચશ્મા વિતરણ કામગીરી હાલમાં ચાલુમાં છે.

ગંભીર બિમારી વાળા બાળકોને તજજ્ઞ સેવાઓ માટે રીફર કરવામાં આવેલ. જેમાં હદયનાં દર્દી-૧૫૦, કિડનીનાં-૫૮, કેન્સરનાં-૧૪, અન્ય રોગનાં ૧૦૭.

શાળા આરોગ્ય મદદનીશ તથા પ્રા.આ.કે.નાં સ્ટાફની ક્ષેત્રીય ફેરણી દરમ્યાન શાળાઓની મુલાકાત લઇ વિધાર્થીઓની તંદુરસ્તી અને આરોગ્યપ્રદ જીવન જીવતા શીખે તે હેતુ સિધ્ધ કરવા માટે શાળાઓમાં નીચે મુજબની પ્રવૃતિ કરવામાં આવે છે.(૧) વિધાર્થીઓની તબીબી તપાસ કરાવવી.(૨) તબીબી તપાસ દરમ્યાન ખામી વાળા બાળકોની ખામીઓ દુર કરવા પ્રયત્નો કરવા.(૩) પોષણ યુકત આહરનો લાભ વિધાર્થીઓ વધુ પ્રમાણમાં મેળવતા થાય તે જોવું.(૪) આરોગ્ય વિરોધી રસીઓ બાળકો મેળવતા થાય.(૫) આરોગ્ય રક્ષણ ધ્વારા વ્યકિતગત તથા સામાજીક આરોગ્યપ્રદ સેવાઓ (૬) શાળાનું સ્વાસ્થયપ્રદ વાતાવરણ તૈયાર કરવા માટે જરૂરી કાર્યવાહી કરવી.

ચાલુ વર્ષે શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ વધુ ગંભીર બિમારી વાળા નવા તેમજ ફોલોઅપ સેવા વાળા ૯૧૪ બાળકોને અમદાવાદ મધ્યે સુપર

સ્પેશ્યાલીટી સારવાર માટેની મંજુરી આપવામાં આવેલ હતી. જેમાંથી હદયનાં-૪૦૫, કિડનીનાં-૯૮, કેન્સરનાં-૬૫, અન્ય બિમારીનાં-૩૪૬ બાળકો.

અત્યાર સુધી કલેફ્લીપ/પેલેટ વાળા ૧૮૨ બાળકોમાંથી ૧૧૫ બાળકોનાં ઓપરેશન થઇ ગયેલ છે. જન્મજાત બધિરતા વાળા ૨૩૦ બાળકોમાંથી ૩૮ બાળકોનાં ઓપરેશન થઇ ગયેલ છે.

ઉપરોકત તમામ પ્રવૃતિઓનું સંકલન મોનીટરીંગ અને સરકારશ્રીમાં રીપોટીંગની કામગીરી શાળા આરોગ્ય સેલ મારફતે કરવામાં આવે છે.

**ચેપી રોગોની માહિતી**

કચ્છ જિલ્લામાં પંચાયત હસ્તક ૬૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૭ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ૧૨ અર્બન, ૨ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, ૧ મેડિક્લ કોલેજ જેટલા હેલ્થ કેર યુનિટ આવેલા છે. આ કેન્દ્રો તથા પેટા કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારોમાં ચેપી રોગો જેવા કે, પ્લેગ, તાવ મેલેરિયા, કોલેરા, ઝાડા, ઉલ્ટી, કમળો, ટાઈફોઈડ, સ્વાઈન ફ્લુ, વગેરે રોગો સામે લોકોને રક્ષણ મળે તે માટે પગલાઓ ભરવામાં આવે છે. આ માટે આઈ. ડી. એસ. પી. કાર્યક્રમ અંતર્ગત જિલ્લાનાં તબીબી યુનિટો દ્વારા દર અઠવાડિયે અહેવાલ માંગવામાં આવે છે અને તેની નોંધ વેબસાઈટ પર કરવામાં આવે છે. રોગચાળા ઉદ્દ્ભવ સ્થાનનું ઈન્વેષ્ટિગેશન કરી રોગોને મૂળમાંથી રોકવા માટેના જરૂરી પગલાઓ લેવામાં આવે છે. તેવા જુદા જુદા રોગોને અટકાવવા માટે જરૂરી રસીઓ તથા દવાઓ દ્વારા સારવાર આપવામાં આવે છે.

**વર્ષ : ૨૦૧૭-૧૮ અને ૨૦૧૬-૧૭ દરમ્યાન રોગોના કેસ નીચે મુજબ નોંધાયેલ છે.**

| રોગનું નામ | વર્ષ : ૨૦૧૭-૧૮ |
|---|---|
| ઝાડા | ૪૭૭૦૦ |
| કમળો | ૪૯ |
| સાદો તાવ | ૫૩૩૬૫ |
| કોલેરા | ૦ |
| ટાઈફોઈડ | ૩૬૯ |
| સ્વાઈનફ્લુ પોઝીટીવ | ૩૦૮ |

**માતૃ બાળકલ્યાણ સેવાઓ**

આ કાર્યક્રમ હેઠળ માતા અને બાળકોને આરોગ્યની વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં પ્રસુતિ દરમ્યાન અને પ્રસુતિ બાદની સેવાઓ તથા બાળકોને જરૂરી રોગ પ્રસુતિ પરિક્ષન મળી રહે તે માટે રસીકરણ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવે છે. અહેવાલ વર્ષ : ૨૦૧૭-૧૮ અંતિત જિલ્લામાં ૫૫૮૧૭ માતાઓનું એ.એન.સી રજીસ્ટ્રેશન કરવામા આવ્યુ. ૪૯૯૯૬ માતાઓની ડીલેવરી કરવામા આવી, તેમાથી ૫૪૭૮૮ માતાઓને ટીટી-૧ આપવામા આવ્યુ.

**આરોગ્ય સંવર્ગની ભરાયેલ તથા ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક માસ માર્ચ ૨૦૧૭-૧૮**

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી | ૧ | ૧ | ૦ |
| ૨ | એપીડેમિક મેડીકલ ઓફીસર | ૧ | ૧ | ૦ |
| ૩ | વહીવટી અધિકારી (આ. વી.) | ૧ | ૧ | ફરજ મોકુફી |
| ૪ | હેડ. ક્લાર્ક | ૨ | ૨ | ૦ |
| ૫ | સિનિ. એકાઉન્ટન્ટ કલાર્ક | ૧ | ૧ | ૦ |
| ૬ | સિનિ. ક્લાર્ક (પગારસેલ) | ૪ | ૪ | ૦ |
| ૭ | સિનિ. ક્લાર્ક | ૩ | ૨ | ૧ |
| ૮ | જુનિયર ક્લાર્ક | ૩ | ૧ | ૨ |
| ૯ | ડી.એસ.આઈ. | ૨ | ૧ | ૧ |
| ૧૦ | શાળા આરોગ્ય નિરિક્ષક | ૧ | ૦ | ૧ |
| ૧૧ | શાળા આરોગ્ય મદદનીશ | ૩ | ૩ | ૦ |
| ૧૨ | આંકડા મદદનીશ | ૧ | ૧ | ૦ |
| ૧૩ | ડ્રાયવર | ૩ | ૨ | ૧ |
| ૧૪ | પટ્ટાવાળા | ૯ | ૪ | ૫ |
| ૧૫ | એપીડેમો લોજીસ્ટ કે સેનેટરી સુપરવાઈઝર | ૧ | ૦ | ૧ |
| ૧૬ | પેરા મેડીકલ આસિસ્ટન્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૭ | પબ્લિક હેલ્થ નર્સ | ૧ | ૧ | ૦ |
| ૧૮ | મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર | ૮૩ | ૩૬ | ૪૭ |
| ૧૯ | જુ. ફાર્માનિષ્ટ | ૯૫ | ૭૨ | ૨૩ |
| ૨૦ | લેબોરેટરી ટેકનીશીયન | ૬૭ | ૫૧ | ૧૬ |
| ૨૧ | મલ્ટી પરપઝ હેલ્થ (પુરૂષ) | ૪૦૯ | ૨૮૧ | ૧૨૮ |
| **કુલ** | | **૬૯૨** | **૪૬૫** | **૨૨૭** |

## આયુર્વેદ ક્ષેત્રે કાર્યસિધ્ધી

જિલ્લા પંચાયત કચ્છ ભુજ આયુર્વેદ શાખા નિયંત્રિત જિલ્લામાં કુલ ૨૦ આયુર્વેદ દવાખાના તથા ૧૨ હોમિયોપેથી દવાખાના આવેલ છે. જેના દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાજનોને આરોગ્ય લક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે.

આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનામાં નિયામક શ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી ગાંધીનગર સુચના – માર્ગદર્શન મુજબ આયુર્વેદ હોમીયોપેથી વિષયક કામગીરી કરવામાં આવે છે.દવાખાનાઓનું અને અત્રેની કચેરીની વહીવટી કામગીરી નું મૂલ્યાંકન તથા દેખરેખ, જિલ્લા કક્ષાએ થી જિલ્લા વિકાસ અધિકારીશ્રી કચ્છની સુચના – માર્ગદર્શન મુજબ જિલ્લા આયુર્વેદ અધિકારી, જિ. પં. મારફત થાય છે. દવાખાના ખાતે થયેલ માસિક કામગીરી ની સમિક્ષા કરી, સંકલિત માહિતી દર માસે નિયામકશ્રી ની કચેરી ખાતે મોકલવામાં આવે છે.

આયુર્વેદ દવાખાનાઓ માટે જરૂરી દવાઓ માંગણી મુજબ સરકારી આયુર્વેદ ફાર્મસી રાજપીપળા તથા વડોદરા અને ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળ જુનાગઢ તથા ડાંગ જિલ્લા સહકારી આયુર્વેદ ફાર્મસી આહવા ડાંગ મારફત પુરી પાડવામાં આવે છે. જે મેડીકલ ઓફિસર્સ દ્વારા નિદાન કરી જરૂરિયાત મુજબ લાભાર્થી દર્દીને નિ:શુલ્ક આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન આયુર્વેદ દવાખાના ખાતે કુલ ૩૮૭૯૧ દર્દીઓએ અને હોમિયોપેથી દવાખાના ખાતે કુલ ૭૦૨૫ દર્દીઓએ લાભ લીધેલ છે.

**જિલ્લા કક્ષાએ કચેરી સ્ટાફની વિગત (૩૧/૦૩/૨૦૧૭ અંતિત)**

| ક્રમ | સ્ટાફ ની વિગત | વર્ગ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા આયુર્વેદ અધિકારી | ૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | હેડ કલાર્ક | ૩ | ૧ | ૧ | ૦ |
| ૩ | જુ. ક્લાર્ક | ૩ | ૧ | ૧ | ૦ |
| ૪ | પટ્ટાવાળા | ૪ | ૧ | ૦ | ૧ |

**ગ્રામ્ય કક્ષાએ સ્ટાફની વિગત (૩૧/૦૩/૨૦૧૭ અંતિત)**

| ક્રમ | સ્ટાફ ની વિગત | વર્ગ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર (આયુ) | ૨ | ૨૦ | ૪ | ૧૬ |
| ૨ | મેડીકલ ઓફિસર (હોમીયો) | ૩ | ૧૨ | ૧ | ૧૧ |
| ૩ | કમ્પાઉન્ડર (આયુ) | ૩ | ૦૯ | ૧ | ૮ |
| ૪ | પટ્ટાવાળા | ૪ | ૧૫ | ૧ | ૧૪ |

**વિશિષ્ટ કામગીરીનો અહેવાલ (વર્ષ : ૨૦૧૭-૧૮)**

**(૧) પ્રકૃતિ પરિક્ષણ કેમ્પ**

આયુર્વેદ ની રીતે, આપણા શરીરમાં રહેલ વાયુ પિત અને કફ ત્રણ દોષ ના લક્ષણોના આધારે પ્રકૃતિ-તાસીર નક્કી કરવામાં આવે છે. પ્રકૃતિ મુજબ વ્યક્તિ આહાર વિહારની કાળજી રાખે તો જલદીથી બીમાર થતો નથી. સરકારશ્રી ધ્વારા આના નિયત ફોર્મ છાપવવામાં આવે છે. જે સ્નાતક વૈધ ધ્વારા લાભાર્થીની જરૂરી દર્શન – સ્પર્શન- પ્રશ્ન ધ્વારા પરીક્ષા કરી પ્રકૃતિ નક્કી કરવામાં આવે છે. અને જે પ્રકૃતિ નક્કી થાય તે મુજબ આહાર વિહાર માટેની માર્ગદર્શક પત્રિકા નિ:શુલ્ક આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન પ્રકૃતિ પરિક્ષણ ના કુલ ૩૨૫૦ લાભાર્થીઓ એ લાભ લીધેલ છે. સમયાંતરે જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં આવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

**(૨) વૃધ્ધાવસ્થા જન્ય સ્વાસ્થ્ય માટે જરા ચિકિત્સા**

નિયામકશ્રી, ભા.ત.હો.પ. ની સૂચના માર્ગદર્શન મુજબ જિલ્લાના આયુર્વેદ દવાખાના ખાતે ઓપીડીમાં આવતા ૬૦ વર્ષની ઉપરના વૃધ્ધોને વૃધ્ધાવસ્થાજન્ય તકલીફ માં ફાયદાકારક રોગપ્રતિકારકશક્તિ વધારનાર અને જનરલ ટોનિક તરીકે ઉપયોગી રસાયણ ચિકિત્સા કરવામાં આવે છે. અને સમયાંતરે લાભાર્થી નું શારીરિક અને માનસિક પરીક્ષણ કરવામાં આવે છે. સરકારશ્રી તરફથી નિયત થયેલ ફોર્મ મેડીકલ ઓફિસર ધ્વારા ભરવામાં આવે છે. રોહા સુમરી , માંડવી અને ભચાઉ વૃધ્ધાશ્રમ ખાતે આવા કેમ્પનું આયોજન કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન જિલ્લામાં કુલ ૯૨૦૦ લાભાર્થી એ લાભ લીધેલ છે.

**(૩) નિદાન સારવાર કેમ્પ**

અત્રેની કચેરી દ્વારા આયુર્વેદના પ્રચાર પ્રસાર અર્થે જુદા જુદા વિસ્તારમાં સમયાંતરે આયુર્વેદ અને હોમીયોપેથીક નિદાન સારવાર કેમ્પનું આયોજન સ્થાનિક સંસ્થાના સહયોગથી કરવામાં આવે છે. જેમાં દર્દીને તપાસી જરૂરિયાત મુજબની દવાઓ સ્થળ પર જ આપવામાં આવે છે. અને પછી જરૂરિયાત મુજબ નજીકના દવાખાને સારવાર આપવામાં આવે છે. વર્ષ દરમિયાન આવા ૨૫ કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેનો કૂલ ૧૫૨૪૩ દર્દીએ લાભ લીધેલ છે.

**(૪) સ્વસ્થવત શિબિર**

આયુર્વેદ શાસ્ત્રમાં મનુષ્ય દિર્ધાયુ અને નિરામય જીવન વ્યતિત કરી શકે તે માટે દિવસ ભરની રોજિંદી ક્રિયાઓ કેમ કરવી અને ઋતુ મુજબ આહાર વિહારમાં શી કાળજી લેવી, જેનુ માર્ગદર્શન આપેલ છે. નિદાન સારવાર કેમ્પ દરમ્યાન અને સ્વતંત્ર રીતે આવી સ્વસ્થવત શિબિર નું આયોજન પણ દરમ્યાન કરવામાં આવેલ જેનો ૨૨૦૦ લાભાર્થીએ લાભ લીધેલ છે.

**(૫) સુવર્ણ પ્રાશન શિબિર**

આયુર્વેદના ગ્રથોમાં બાળકોના સ્વાસ્થ્ય માટે જન્મ થી ૧૨ વર્ષ સુધીનાને સ્વસ્થતા માટે સુવર્ણ પ્રાશન કરાવવાનું વિધાન છે. આમાં શુધ્ધ સુવર્ણના ઘસારા ઉપરાંત યાગ

નું ઘી, મધ, તથા બ્રાહમી, શંખપુષ્પી જેવી બુધ્ધિવર્ધક ઓષધિયોગ હોય છે. દવાખાના ની ઓપીડી દરમ્યાન તથા કેમ્પ દરમ્યાન આવી શિબિરનો ૭૫૦ લાભાર્થી બાળકો એ લાભ લીધેલ છે.

**(૬) અમૃતપેય**

સંક્રામક રોગ કાળમાં રક્ષણાત્મક ઓષધોના ઉકાળા તૈયાર કરીને કેમ્પ દરમ્યાન અને દવાખાના ખાતે કાચા ઔષધ લાભાર્થીને આપી ઉકાળા શિબિરનું આયોજન નિયમિત રીતે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ૯૫૭૦ લાભાર્થી એ લાભ લીધેલ છે.

**(૭) વનસ્પતિ પ્રદર્શન**

નિદાન સારવાર કેમ્પ , સેમિનાર વ. કાર્યક્રમ નાં આયોજન સાથે વનસ્પતિ પ્રદર્શન જાહેર જનતા ના લાભાર્થે યોજવામાં આવે છે. જેનાથી ઘરઆંગણે થતી ઔષધિય વનસ્પતિ ની લોકોને ઓળખ થાય અને પ્રાથમિક ચિકિત્સા તરીકે ઉપયોગી થાય તે હેતુથી આયોજન કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન આશરે ૭૫૦૦ લોકોને આનો લાભ લીધેલ છે.

ઉપરોક્ત વિવિધ પ્રવતિઓ ધ્વારા આયુર્વેદ આ પ્રચાર પ્રસાર અર્થે સર્વજન હિતાય, સર્વજન સુખાય આરોગ્ય વિષયક કામગીરી આયુર્વેદ શાખા , જિલ્લા પંચાયત ધ્વારા કરવામાં આવે છે.

## રસીકરણ ક્ષેત્રે કાર્ય સિધ્ધિ

જિલ્લામાં આર. સી. એચ. કાર્યક્રમ ચાલુમાં છે. સરકારશ્રી તરફથી અપાતી સૂચનાઓ પ્રમાણે માતા અને બાળકોમાં થતા રોગો ધનુર, ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઓરી રસી આપી રોગોનું પ્રમાણ ઘટાડવાનું અને માતા બાળકના મૃત્યુ પ્રમાણ ઘટાડવાની કામગીરી કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી થયેલ છે.

| ક્રમ | વિગત | ૨૦૧૭ નું કાર્યભારણ | માર્ચ ૨૦૧૮ ની સિધ્ધિ |
|---|---|---|---|
| ૧ | ટી.ટી.માતા | ૫૭૦૦૦ | ૫૪૭૮૮ |
| ૨ | બી.સી.જી. | ૫૧૮૧૮ | ૪૯૫૩૩ |
| | આઈ.પી.વી. | ૫૧૮૧૮ | ૪૬૧૨૨ |
| ૩ | ઓ.પી.વી. | ૫૧૮૧૮ | ૫૦૮૮૫ |
| ૪ | પેન્ટા – ૩ | ૫૧૮૧૮ | ૫૦૮૮૫ |
| ૫ | મીઝલ્સ | ૪૯૭૪૫ | ૫૦૮૫૬ |
| ૬ | ફુલી ઈમ્પાઈઝડન | ૪૯૭૪૫ | ૪૯૫૩૬ |
| ૭ | પલ્સ પોલિયો – અભિયાન | ૦ | ૩૧૬૩૮૨ |
| ૮ | સંસ્થાકીય પ્રસુતિ | ૫૧૮૧૮ | ૪૯૮૦૦ |

### સધન પ્લસ પોલિયો રસીકરણ કાર્યક્રમ

આ વર્ષ દરમ્યાન જિલ્લામાં બે તબ્બકામાં સધન પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ, જેમાં જિલ્લાના આ સાથે જણાવેલ ૦ થી ૫ વર્ષ ના બાળકોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવેલ હતા.

| રાઉન્ડ નં. | તારીખ | કાર્યભારણ | સિધ્ધિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨૮-૦૧-૨૦૧૮ | ૩૧૩૫૧૪ | ૩૧૭૦૩૯ | ૧૦૧.૦૨% |
| ૨ | ૧૧-૦૩-૨૦૧૮ | ૩૧૭૦૩૯ | ૩૧૬૩૮૨ | ૯૯.૭૯% |

### રસીકરણ શાખાનાં સ્ટાફની વિગત

| અનું. નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા આર.સી.એચ.અધિકારી વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | |
| ૩ | જુ.ક્લાર્ક(વહીવટી) વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| ૫ | ડ્રાઈવર વર્ગ-૩ | ૩ | ૨ | ૧ | જગ્યા-૧ જિલ્લા પંચાયત ધ્વારા ૨૦ % કાપ માં આવરી લેવાયેલ છે. |
| કુલ | | ૫ | ૩ | ૨ | |

## પરિવાર કલ્યાણ કાર્યક્રમ ક્ષેત્રે સિધ્ધિ

વસતિ વધારો દેશના વિકાસમાં અવરોધ રૂપ રહે છે. જનસંખ્યા સ્થિરતા માટે રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત કુટુંબ કલ્યાણ કાર્યક્રમની વિવિધ સેવાઓ લાભાર્થીની જરૂરિયાત જાણીને આપવામાં આવે છે. જેમાં સ્ત્રી નસબંધી, પુરુષ નસબંધી, આંકડી, ઓરલ પીલ્સ તેમજ નિરોધ આવી વિવિધ કુટુંબનિયોજન પધ્ધતિઓ દ્વારા સરકારના જનસંખ્યા સ્થિરતા ધ્યેયને હાંસલ કરવા જિલ્લા કક્ષએથી આયોજન અમલીકરણ કરાવવામાં આવે છે.

જિલ્લા માં આવેલ ઘણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાંના લાભાર્થીઓને કુટુંબ નિયોજન પધ્ધતિઓ માટે નજીકના સરકારી દવાખાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર સેવા કેન્દ્ર મધ્યે લાભ લે છે. સરકાર તરફથી સ્ત્રી નસબંધી કરાવનાર બી.પી.એલ. લાભાર્થી પ્રોત્સાહક ઈનામ તરીકે રૂા. ૬૦૦/- ચુકવવામાં આવે છે તેમજ અન્ય લાભાર્થીને રૂા. ૨૦૦/- ચુકવવામાં આવે છે. તેમજ બે દીકરી બાદ કાયમી નસબંધી કરાવનાર લાભાર્થીને સરકારના નિયમોનુસાર અનુક્રમે રૂા. ૬૦૦૦/- તેમજ રૂા. ૫૦૦૦/- નાં રાષ્ટ્રીય બચતપત્રો આપવાની જોગવાઈ છે.

સગર્ભાવસ્થા પ્રસુતિ દરમ્યાન થતા માતા મૃત્યુ અટકાવવા સરકાર તરફથી ચિરંજીવી યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ વિસ્તારમાં શહેરી અને ગ્રામ્ય સ્તરની માતાઓને લાભ લે છે. આરોગ્ય પ.ક. વિભાગ જિલ્લા પંચાયત કચ્છ તરફથી માન્ય થયેલ ખાનગી હોસ્પિટલોમાં આ સેવાઓના વિના મુલ્યે લાભ આપવામાં આવે છે.

**વર્ષ દરમ્યાન મળેલ ગ્રાન્ટ અને ખર્ચ**

| ક્રમ | યોજના | ગ્રાન્ટ | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | પુરુષ નસબંધી | ૨૭૦૦૦ | ૭૨૮૦ |
| ૨ | સ્ત્રી નસબંધી | ૨૦૯૮૪૮૮૭ | ૧૫૨૪૦૬૮૯ |
| ૩ | દીકરી યોજના | ૧૦૦૦૦૦ | ૨૬૮૬૫૧ |
| ૪ | ચિરંજીવી યોજના | ૧૫૦૦૦૦૦૦૦ | ૧૧૮૯૪૦૦૮ |
| ૫ | માતૃવંદના | ૧૩૨૫૦૦૦ | ૧૩૦૨૩૧૩ |
| ૬ | બાળમૃત્યુ નિવારણ અને સુરક્ષિત માતૃત્વ | ઉઘડતી – ૩૮૪૦૪૮૫<br>આવેલ – ૮૩૫૦૦૦<br>કૂલ – ૪૬૭૫૪૮૫ | ૩૦૫૨૮૩૧ |
| ૭ | નીરોગી બાળ | ૦ | ૫૭૬૧૭૭ |
| ૮ | દાઈ વળતર | ૦૦ | ૦૦ |

### તાલુકા પ્રમાણે ઓપરેશન અને આંકડી દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | ઓપેરેશન | | | આંકડી | | |
|---|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકાવારી | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકાવારી |
| ૧ | રાપર | ૧૦૦૩ | ૯૦૦ | ૯૦ | ૧૦૨૧ | ૧૦૫૬ | ૧૦૩ |
| ૨ | ભચાઉ | ૭૭૭ | ૬૬૨ | ૮૫ | ૮૦૫ | ૭૬૭ | ૯૫ |
| ૩ | અંજાર | ૭૮૪ | ૭૧૨ | ૯૧ | ૭૯૮ | ૯૫૭ | ૧૨૦ |
| ૪ | ગાંધીધામ | ૪૧૯ | ૩૦૧ | ૭૨ | ૪૨૬ | ૪૫૮ | ૧૦૮ |
| ૫ | ભુજ | ૧૬૦૯ | ૧૨૪૧ | ૭૭ | ૧૫૮૦ | ૧૭૧૯ | ૧૦૯ |
| ૬ | મુન્દ્રા | ૭૬૧ | ૫૬૬ | ૭૪ | ૭૭૪ | ૯૩૧ | ૧૨૦ |
| ૭ | માંડવી | ૮૫૦ | ૮૦૪ | ૯૫ | ૮૬૮ | ૮૬૭ | ૧૦૦ |
| ૮ | નખત્રાણા | ૭૮૬ | ૭૪૪ | ૯૫ | ૮૦૪ | ૮૭૦ | ૧૦૮ |
| ૯ | અબડાસા | ૬૬૨ | ૩૮૦ | ૬૧ | ૬૩૫ | ૬૪૫ | ૧૦૨ |
| ૧૦ | લખપત | ૩૩૬ | ૨૯૨ | ૮૭ | ૩૩૬ | ૪૪૩ | ૧૩૨ |
| ૧૧ | ભુજ શહેરી | ૭૯૦ | ૨૯૬ | ૩૭ | ૮૦૫ | ૭૯૭ | ૯૯ |
| ૧૨ | માંડવી શહેરી | ૨૫૫ | ૧૭૨ | ૬૭ | ૨૭૩ | ૨૮૦ | ૧૦૩ |
| ૧૩ | અંજાર શહેરી | ૪૬૩ | ૧૬૩ | ૩૫ | ૪૭૧ | ૩૬૮ | ૭૮ |
| ૧૪ | ગાંધીધામ શહેરી | ૧૨૬૯ | ૮૬૦ | ૬૮ | ૧૩૩૨ | ૧૪૦૧ | ૧૦૫ |
| ૧૫ | ભચાઉ શહેરી | ૨૧૦ | ૧૦૧ | ૪૮ | ૨૧૦ | ૧૭૫ | ૮૩ |
| ૧૬ | રાપર શહેરી | ૧૫૧ | ૬૮ | ૪૫ | ૧૫૩ | ૧૫૫ | ૧૦૧ |
| | જિલ્લાનું કુલ | ૧૧૦૮૫ | ૮૨૬૨ | ૭૫ | ૧૦૨૭૦ | ૧૧૮૮૯ | ૧૧૬ |

### સ્ટાફ પોઝીશન

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી | વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક જિલ્લા આરોગ્ય અધિકારી | ૧ | ૦ | ૧ | |
| ૨ | ક્વોલોટી એન્સ્યોરન્સ મેડીકલ ઓફિસર | ૧ | ૧ | ૦ | |
| ૩ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | |
| ૪ | જિલ્લા શિક્ષણ અને માહિતી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| ૫ | ડેપ્યુટી ડી.આઈ.ઇ.સી.ઓ. | ૧ | ૦ | ૧ | |
| ૬ | જિલ્લા પબ્લિક નર્શ | ૧ | ૦ | ૧ | |
| ૭ | આશીસ્ટન્ટ એકાઉન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૮ | આંકડા મદદનીશ | ૧ | ૦ | ૧ | |
| ૯ | પ્રોજેક્ટનિસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૦ | સિ.ક્લાર્ક | ૨ | ૨ | ૦ | |
| ૧૧ | જુ.ક્લાર્ક | ૩ | ૦ | ૩ | |
| ૧૨ | ટાઈપિસ્ટ/ડેટાએન્ટ્રી ઓપરેટર(જુ.ક્લાર્ક) | ૧ | ૧ | ૦ | |
| ૧૩ | ડ્રાઈવર | ૧ | ૦ | ૧ | |
| ૧૪ | પટ્ટાવાળા | ૨ | ૦ | ૨ | |
| | **કુલ** | **૧૮** | **૮** | **૧૦** | |

### રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમનું એક્ટીવીટી કેલેન્ડર જાન્યુઆરી થી ડિસેમ્બર ગણવામાં આવે છે. રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં મેલેરીયા, ફાઈલેરીયા, ડેન્ગ્યુ –ચીકનગુનિયા, જાપાનીઝ એન્સીફાઈલાટીઝ અને કાલાઆઝાર રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કરવામાં આવે છે. જે પૈકી કચ્છ જિલ્લામાં ખાસ કરીને મેલેરીયા, ડેન્ગ્યુ – ચીકનગુનિયા રોગ નિયંત્રણની કામગીરી કરવામાં આવે છે. દર વર્ષે સંયુક્ત નિયામકશ્રી એન.વી.બી.ડી.સી.પી. ગાંધીનગર તરફથી લોહીના નમૂના એકત્રીકરણનો લક્ષ્યાંક ફાળવી આપવામાં આવે છે. સને ૨૦૧૭ નો વાર્ષિક લક્ષ્યાંક ૪૧૦૭૨૧ ફાળવી આપવામાં આવેલ છે. જેની સામે વર્ષ દરમ્યાન ૮૬૬૧૭૩ લોહીના નમૂના એકત્રીકરણ કરવામાં આવેલ જે ૨૧૧ ટકા સિધ્ધિ હાંસલ કરેલ છે. તે પૈકી ૧૧૪૭ કુલ મેલેરિયા કેસો જણાયેલ જે પૈકી ૩૬ કેસો ફાલ્સીપેરમપ્રકારના હતા. કુલ ૧૧૩૨ મેલેરીયાના કેસોને મેડીકલ સારવાર આપી રોગ મુક્ત કરવામાં આવેલ છે.

### એક્ટીવ સર્વેલન્સ

એક્ટીવ સર્વેલન્સ કામગીરીમાં આરોગ્ય કાર્યકર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તેમને ફાળવવામાં આવેલ કાર્યક્ષેત્રના વિસ્તારના ગામોની પખવાડિક મુલાકાત લે છે અને દરેક તાવના કેસોના લોહીના નમૂના મેળવી દર્દીની ઉમર પ્રમાણે નિયત કરેલ પ્રાથમિક સારવાર આપે છે.

એક્ટીવ સર્વે હેઠળ વર્ષ : વર્ષ-૨૦૧૭ દરમ્યાન કુલ ૨૮૦૫૯૩ લોહીના નમૂનાઓ એકત્રિત કરવામાં આવે છે. જે પૈકી ૧૬ મેલેરીયા કેસો નોંધાયેલ છે જે પૈકી ૦ ફાલ્સીપેરમ નોંધાયેલ છે.

### પેસીવ સર્વેલન્સ

જિલ્લાના તમામ પ્રા.આ.કેન્દ્રો, સા.આ.કેન્દ્રો, એલોપેથીક દવાખાના તથા અન્ય દવાખાનાઓ, કોમ્પ્રીહેન્સીવ હેલ્થ કેર યુનિટ તથા મોબઈલ યુનિટ મારફત તાવના કેસોના લોહીના નમૂનાઓ એકત્રિત કરીને પ્રાથમિક સારવાર આપવામાં આવે છે.

### મેલેરીયા ક્લિનિક

જે પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર , હોસ્પિટલમાં લેબ ટેકનિશિયન છે તેવા સ્થળોએ તાવના દર્દીઓના સ્થળ પર જ લોહીના નમૂનાની તપાસણી કરી મેલેરીયા કેસોનું નિદાન કરી સારવાર આપવાની સેવા ઉપલબ્ધ છે. આવા કેન્દ્રોને "મેલેરીયા ક્લિનિક" કહે છે.

વર્ષ : ૨૦૧૭ માં જિલ્લામાં આવા ૧૦૧ કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ. જેમાં ૨૨૨૨૫૯ તાવના કેસોના લોહીના નમૂના મેળવી જાહેર થયેલ ૧૪૬૨ મેલેરીયાનાં કેસો પૈકી ૧૪૨૮ ને સ્થળ પર જ સારવાર આપવામાં આવે છે.

### આશા કાર્યકરો દ્વારા તાવ સારવાર

તાવના કેસોને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે તે માટે ગામોમાં ૧૭૧૪ આશા કાર્યકર મારફત તાવના કેસોના લોહીના નમૂનાઓ એકત્રિત કરીને પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. વર્ષ :૨૦૧૭ દરમ્યાન તેમના દ્વારા ૨૦૧૩૨૧ તાવના દર્દીની લોહીના નમૂનાઓ એકત્રિત કરવામાં આવેલ છે અને સારવાર આપવામાં આવેલ છે.

**બાયોલોજીકલ કંટ્રોલ કામગીરી**

જિલ્લામાં કાયમી પાણી ભરાયેલું હોય તેવા તળાવ, અવાવરૂ કૂવા, વાવ, મોટા ખાડા, ચેક ડેમ, હોજ તથા ખેત તલાવડીઓમાં મચ્છર નિયંત્રણ કામગીરી અંતર્ગત પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવે છે. વર્ષ : ૨૦૧૭ દરમ્યાન જિલ્લામાં ૧૨ પોરાભક્ષક માછલી ઉછેર કેન્દ્રો કાર્યરત છે.

**જંતુનાશક દવા છંટકાવ**

છેલ્લા ત્રણ વર્ષની મેલેરીયા પરિસ્થિતિ તથા ટેકનીકલ એડવાઈઝરી કમિટી દ્વારા નક્કી કરેલ પોલીસી અનુસારએ નક્કી કરેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ગામોમાં આલ્ફાસાયપરમેથ્રીન - ૫ ટકા જંતુનાશક દવાના ૨ રાઉન્ડ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૭ દરમ્યાન ૧૦૧ ગામોની ૯૫૨૩૫ની વસતિને છંટકાવ હેઠળ આવરેલ છે.

**રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ થયેલ પ્રગતિની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | તાવના કેસ | ૭૨૩૬૫૩ |
| ૨. | લોહીના નમૂના લક્ષ્યાંક | ૪૧૦૭૨૧ |
| ૩. | એકત્રીકરણ કરેલ લોહીના નમૂના | ૮૬૬૧૭૩ |
| ૪. | સિદ્ધિની ટકાવારી | ૨૧૧% |
| ૫. | કુલ જાહેર થયેલ મેલેરીયા કેસ | ૧૧૪૭ |
| ૬. | આશા કાર્યકરોની સંખ્યા | ૧૭૧૪ |
| ૭. | આશા કાર્યકરો દ્વારા સારવાર આપેલ કેસોની સંખ્યા | ૨૧૦૩૨૧ |
| ૮. | મેલેરીયા ક્લીનીકની સંખ્યા | ૧૦૧ |
| ૯. | ક્લીનીકમાં લેવામાં આવેલ લોહીના નમૂના | ૨૨૨૨૫૯ |
| ૧૦. | ક્લીનીકમાં જાહેર થયેલ મેલેરીયા કેસ | ૧૪૬૨ |
| ૧૧. | ક્લીનીકમાં સ્થળ પર આપેલ રેડીકલ સારવાર | ૧૪૨૮ |

**મેલેરીયા શાખા સ્ટાફ પોઝીશન પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા મેલેરીયા અધિકારી | ૧ | ૧ | ૦ |
| ૨ | મદદનીશ જિલ્લા મેલેરીયા અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૩ | મેલેરીયા સુપરવાઈઝર | ૮ | ૦ | ૮ |
| ૪ | મેલેરીયા સર્વે ઈન્સ્પેકટર | ૨૯ | ૨ | ૨૭ |
| ૫ | મેલેરીયા લેબોરેટરી ટેકનીશીયન | ૧૯ | ૦ | ૧૯ |
| ૬ | મેલેરીયા સર્વે વર્કર | ૧૧૯ | ૧ | ૧૧૮ |
| ૭ | સુપીરીયર ફીલ્ડ વર્કર | ૨ | ૦ | ૨ |
| ૮ | ફીલ્ડ વર્કર | ૫ | ૦ | ૫ |
| ૯ | હેડ મીકેનીક | ૧ | ૦ | ૧ |
| ૧૦ | મીકેનીક | ૧ | ૦ | ૧ |
| ૧૧ | ક્લીનર | ૧ | ૦ | ૧ |
| ૧૨ | સીની.ક્લાર્ક - એકાઉન્ટ | ૧ | ૧ | ૦ |
| ૧૩ | સીની. ક્લાર્ક – વહીવટ | ૧ | ૦ | ૧ |
| ૧૪ | સ્ટોર કીપર સીની. ક્લાર્ક – વહીવટ | ૧ | ૧ | ૦ |
| ૧૫ | ડ્રાઈવર | ૩ | ૨ | ૧ |
| ૧૬ | પટાવાળા | ૨ | ૧ | ૧ |
| **કુલ** | | **૧૯૫** | **૦૯** | **૧૮૬** |

**નાણાકીય વર્ષને અંતિત થયેલ ખર્ચની વિગતો દર્શાવતું પત્રક જિલ્લા મેલેરીયા શાખા**

મુખ્ય સદર ૨૨૧૦ - તબીબી અને જાહેર આરોગ્ય, ૦૬ - જાહેર આરોગ્ય, ૧૦૧ - રોગોનું નિવારણ અને નિયંત્રણ

| ક્રમ | પેટા સદર | ૧/૪/૨૦૧૭ ની ઉઘડતી સિલક | વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન મળેલ ગ્રાન્ટ | કુલ સરવાળો | વર્ષ દરમ્યાન થયેલ ખર્ચ | વર્ષાન્તે બચત રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧.૧ | ૧૮- HLT ૫૯ PLAN | ૦.૩૩ | ૦.૦૦ | ૦.૩૩ | ૦.૦૦ | ૦.૩૩ |
| ૧.૨ | ૭- HLT ૩૩- PLAN | ૦.૩૦ | ૦.૦૦ | ૦.૩૦ | ૦.૦૦ | ૦.૩૦ |
| ૧.૩ | ૧- HLT ૩૩- PLAN-ખાસ અંગભૂત યોજના | ૧૫૨.૪૦ | ૦.૦૦ | ૧૫૨.૪૦ | ૦.૦૦ | ૧૫૨.૪૦ |
| ૧.૪ | ૭- HLT ૨૯- PLAN | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧.૫ | ૭- HLT NMEP (SCP) PLAN | ૧.૪૭ | ૦.૦૦ | ૧.૪૭ | ૦.૫૧ | ૦.૯૬ |
| ૧.૬ | ૭- HLT ૨૬- PLAN | ૪૩૮.૨૯ | ૭૨.૪ | ૪૫૦.૬૯ | ૩૬.૧૫ | ૪૧૪.૫૪ |
| ૧.૭ | ૧૮- HLT ૨૬- PLAN | ૨૪૮.૬૭ | ૦.૦૦ | ૨૪૮.૬૭ | ૦.૦૨ | ૨૪૮.૪૭ |
| ૧.૮ | ૧૮- HLT ૫૦- PLAN | ૦.૭૮ | ૦.૦૦ | ૦.૭૮ | ૦.૦૦ | ૦.૭૮ |
| ૧.૯ | ૧- NMEP PLAN | ૨૦૨.૧૩ | ૦.૦૦ | ૨૦૨.૧૩ | ૦.૦૦ | ૨૦૨.૧૩ |
| ૧.૧ | ૧૧- પાણી સંબંધી રોગો | ૨૧.૮૫ | ૦.૦૦ | ૨૧.૮૫ | ૦.૦૦ | ૨૧.૮૫ |
| ૧.૧૧ | ૧- HLT ૩૩- PLAN | ૨ | ૦.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ |
| **TOTAL (PLAN)** | | **૧૦૬૮.૨૨** | **૭૨.૪** | **૧૦૮૦.૬૨** | **૩૬.૮૬** | **૧૦૪૩.૭૬** |
| ૧.૧૨ | ૧૨-મેલેરીયા નાબૂદીનો રાષ્ટ્રીય કાર્યક્રમ-નોન પ્લાન | ૧૧૪.૪૫ | ૨૮.૬૩ | ૧૭૪.૮૨ | ૪૮.૪ | ૧૨૬.૪૨ |
| ૧.૧૩ | ૭-HLT ૩૩-NON -PLAN | ૩૬૨.૭૭ | ૦.૦૦ | ૩૭૬.૦૪ | ૧૫.૩૪ | ૩૬૦.૭ |
| ૧.૧૪ | ૧-HLT ૫૯-NON -PLAN | ૧૪.૫૦ | ૦.૦૦ | ૧૪.૫૦ | ૦.૦૦ | ૧૪.૫૦ |
| ૧.૧૫ | ૧૮-HLT ૬૦-NON -PLAN | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧.૧૬ | ૧૮-HLT ૫૯-NON -PLAN | ૫૪.૨૮ | ૦.૦૦ | ૫૪.૨૮ | ૦.૦૦ | ૫૪.૨૮ |
| ૧.૧૭ | ૭-HLT ૨૬-NON -PLAN | ૬૪.૮૬ | ૦.૦૦ | ૬૪.૮૬ | ૦.૦૦ | ૬૪.૮૬ |
| ૧.૧૮ | ૧-HLT ૨૬-NON -PLAN | ૩.૫૪ | ૦.૦૦ | ૩.૫૪ | ૦.૦૦ | ૩.૫૪ |
| ૧.૧૯ | ૧૭-HLT ૪૯-NON -PLAN | ૧.૨૯ | ૦.૦૦ | ૧.૨૯ | ૦.૦૦ | ૧.૨૯ |
| ૧.૨ | ૧૮-HLT ૫૦-NON -PLAN | ૨.૧૮ | ૦.૦૦ | ૨.૧૮ | ૦.૦૦ | ૨.૧૮ |
| ૧.૨૧ | ૧-HLT ૩૩-NON -PLAN ખાસ અંગભૂત યોજના | ૧૧૮.૪૨ | ૦.૦૦ | ૧૧૮.૪૨ | ૦.૦૦ | ૧૧૮.૪૨ |
| ૧.૨૨ | ૧૮-HLT ૨૬-NON -PLAN | ૧૧૪ | ૦.૦૦ | ૧૧૪.૦૦ | ૦.૦૦ | ૧૧૪.૦૦ |
| **TOTAL (NON -PLAN)** | | **૮૫૦.૨૯** | **૨૮.૬૩** | **૯૨૩.૯૩** | **૬૩.૭૪** | **૮૬૦.૧૯** |
| **GRAND TOTAL** | | **૧૯૧૮.૫૧** | **૧૦૧.૦૩** | **૨૦૦૪.૫૫** | **૧૦૦.૬** | **૧૯૦૩.૯૫** |